# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
# પાટણ
# પોસ્ટ બોક્ષ નં. ૨૧ યુનિવર્સિટી કેમ્પસ, પાટણ

જા.નં. સ્પોર્ટસ/૧૭૧૨/૨૦૧૮.
તા. ૦૫ /૧૨/૨૦૧૮.

પ્રતિ,
કુલસચિવશ્રી,
________________________________,
________________________________,
________________________________,
________________________________.

વિષય :– હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે ૨૦૧૮–૧૯ માટે "ગુજરાત સ્ટેટ ઈન્ટર યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ" માં આમંત્રણ તેમજ સંમતી અંગે.......

સહર્ષ જણાવવાનું કે, ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીઓના કર્મચારીઓની કાર્યક્ષમતા અને ક્રિયાશીલતા વધે એ માટે "ગુજરાત રાજય યુનિવર્સિટી કર્મચારી રમત ગમત અને સાંસ્કૃતિક મંડળ" (GSUSSCA) સતત પ્રયત્નશીલ છે. પ્રતિ વર્ષ અલગ–અલગ યુનિવર્સિટીઓને ક્રમાનુસાર યજમાનપદ પ્રાપ્ત કરવાનું શ્રેય મળે છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૮–૧૯ માટે યજમાનપદ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છે. જેનું અમોને ગૌરવ છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી ૨૮,૨૯, અને ૩૦ ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગુજરાત સ્ટેટ ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન અને કેરમ રમતની સ્ટાફ ટુર્નામેન્ટનું આયોજન કરેલ છે. જેમાં આપની યુનિવર્સિટીને ભાગ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આપની સ્વીકૃતી પત્ર અને જરૂરી વિગતો સાથે સામેલ પત્રકો (પત્રક–૧ અને પત્રક–૨) ભરી નીચે મુજબના સરનામે કુલસચિવશ્રીના સહી સિકકા સાથે હાર્ડ કોપી બે નકલમાં તા.૧૩/૧૨/૨૦૧૮ ને સાંજે ૫:૦૦ કલાક સુધીમાં અચુક મોકલવા વિનંતી કરવામાં આવે છે. તા.૧૪/૧૨/૨૦૧૮ ના રોજ ક્રિકેટના લોટસ પાડવામાં આવશે. જેમાં સંમતિ ન આપેલ ટીમોનો સમાવેશ કરવામાં આવશે નહિં.

- ટુર્નામેન્ટ માટે અગત્યની સુચના નીચે મુજબ છે.

૧. ભાગ લેનાર દરેક યુનિવર્સિટીએ તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ શુક્રવારે ૧૬:૦૦ (સાંજના ૪ વાગ્યે) કલાક સુધીમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે પહોંચી રિપોટીંગ કરવાનું રહેશે.
૨. સદર સ્પર્ધા માટે ઉદઘાટન સમારોહ તા.૨૮/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૭:૩૦ કલાકે રાખેલ હોવાથી તમામ ટીમોને અચૂક હાજર રહેવા વિનંતી છે.

૩. ભાગ લેનાર દરેક યુનિવર્સિટીએ રમત દીઠ એન્ટ્રી ફી નીચે જણાવ્યા અનુસાર યજમાન યુનિવર્સિટીને રીપોર્ટીંગ સમયસુધીમાં જમા કરાવવની રહેશે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. ક્રિકેટ | ૧૨,૦૦૦/– | ૨. | કેરમ | ૧,૦૦૦/– |
| ૩. બેડ મિન્ટન | ૧,૦૦૦/– | ૪. | ટેબલ ટેનીસ | ૧,૦૦૦/– |

૪. ચાલુ વર્ષની મંડળની સભ્ય ફી રૂા. ૨૦૦૦/– (બે હજાર પૂરા/–) અલગથી મંડળને રીપોર્ટીંગ કરતી વખતે અલગથી આપવાની રહેશે.
૫. ભાગ લેનાર કર્મચારીઓની રહેઠાણ–ભોજન–નાસ્તાની વ્યવસ્થા યજમાન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.
૬. ભાગ લેનાર દરેક યુનિવર્સિટીએ ખેલાડીઓની આવવા–જવાની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.

૭. ગુજરાત સ્ટેટ ઈન્ટર યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ–૨૦૧૮–૧૯ ની એન્ટ્રી ફી તથા ભાગ લેનાર કાયમી કર્મચારી અને (હંગામી , પ્લેસમેન્ટ, આઉટ સોર્સિંગ, કોન્ટ્રાકટ) કર્મચારીના રેશીયો અંગેની માહિતી નીચે મુજબ રહેશે.

| ક્રમ | રમતનું નામ | કુલ ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા | કાયમી કર્મચારીની સંખ્યા | હંગામી,પ્લેસમેન્ટ આઉટ સોર્સિંગ,કોન્ટ્રાકટ કર્મચારીની સંખ્યા | રમત દીઠ એન્ટ્રી ફી (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧. | ક્રિકેટ | ૧૫ | ૦૯ | ૦૬ | ૧૨૦૦૦/– |
| ૨. | બેડમિન્ટન | ૦૩ | ૦૨ | ૦૧ | ૧૦૦૦/– |
| ૩. | ટેબલ ટેનિસ | ૦૩ | ૦૨ | ૦૧ | ૧૦૦૦/– |
| ૪. | કેરમ | ૨ | ૦૨ | ૦૦ | ૧૦૦૦/– |
| | કુલ :– | ૨૩ | ૦૦ | ૦૦ | ૧૫૦૦૦/– |

**નોંધ :– ૧.** સ્પર્ધા દરમ્યાન ઉપરોકત રમતોમાં કાયમી અને (હંગામી, આઉટ સોર્સિંગ, કોન્ટ્રાકટ, પ્લેસમેન્ટ) ની સંખ્યા ફરજીયાત રહેશે.

**૨.** જે યુનિવર્સિટીમાં કાયમી કર્મચારીઓની સંખ્યા ઓછી હોય અને ક્રિકેટ ટીમ બનાવવામાં મુશ્કેલી પડતી હોય તો એવી યુનિવર્સિટીઓએ નીચે મુજબના ધારા ધોરણ લાગુ પડશે.

- તે યુનિવર્સિટીની ટીમ ક્રિકેટમાં ૦૭ કાયમી કર્મચારી થી ૦૮ (હંગામી, આઉટ સોર્સિંગ, કોન્ટ્રાકટ કર્મચારીઓ) નો સમાવેશ કરી શકે છે.
- (હંગામી, આઉટ સોર્સિંગ કોન્ટ્રાકટ, પ્લેસમેન્ટ) થી સેવા / ફરજ આપતા કર્મચારીઓની ઓછામાં ઓછી છ (૦૬) મહિના જે તે યુનિવર્સિટીમાં સ્પર્ધાની તારીખ સુધી કરેલી હોવી ફરજીયાત છે. જેની નોંધ પત્રક–૨ માં પ્રમાણિત કરેલ હોવી જરૂર છે.
- ઉપરોકત બાબતે કુલસચિવશ્રી દ્વારા અલગ પત્રથી ખુલાસો આપવાનો રહેશે. જેની સોફટકોપી ઈ–મેઈલ દ્વારા એન્ટ્રી સાથે મોકલવાની રહેશે.

સહી/–.
(ડૉ. ડી.એમ.પટેલ)
કા. કુલસચિવ

સહી/–.
(ઝાલા રાજેશકુમાર જે.)
પ્રમુખ, કર્મચારી કલ્યાણ ટ્રસ્ટ

**બિડાણ :–**

**૧.**પત્રક – ૧ તથા પત્રક – ૨ (કુલસચિવશ્રી દ્વારા પ્રમાણિત કરવા)

**૨.** ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ–ટેનિસ અને કેરમ ના નિયમો.

**<u>સંપર્ક તેમજ પત્રક મોકલવાનું સરનામું :–</u>**

(૧) ડાં. વિનોદભાઈ આર. ચૌધરી ૯૯૨૫૫ ૪૭૦૭૦ (હોદ્દો : કા.નિયામકશ્રી, શા.શિ.શાળા)
(૨) રાજેશભાઈ ઝાલા ૯૭૨૫૦૦૧૫૮૦ ૮૧૬૦૬૪૨૧૧૩
(૩) ગજાનંદ એમ. શુકલા – ૯૨૭૫૦૪૧૫૧૫.(કોચ : ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.)
(૪) નરેન્દ્રભાઈ એમ. મહેતા – ૯૪૨૮૪૫૭૭૮૭.

પ્રમુખ
શ્રી, રાજેશકુમાર જે. ઝાલા
પ્રમુખ,કર્મચારી કલ્યાણ ટ્રસ્ટ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ. – ૩૮૪૨૬૫.

# પત્રક – ૨

પ્રતિ,
પ્રમુખશ્રી,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પાટણ.

સહર્ષ જણાવવાનું કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ દ્વારા આયોજીત ટુર્નામેન્ટમાં ભાગ લેવા બદલ હું આનંદ અને ગૌરવ અનુભવું છું. આ ટુર્નામેન્ટના નિયમો મને બંધનકર્તા રહેશે.

તાજેતરનો કર્મચારીનો પાસપોર્ટ સાઈઝના ફોટા ઉપર સહી

૧. કર્મચારી / ખેલાડીનું પુરૂ નામ :–______________________________.
અટક નામ પિતાનું નામ

૨. હોદ્દો :–______________________________.

૩. કાયમી / હંગામી :–______________________________.

૪. નોકરીમાં જોડાયા તારીખ :–______________________________.

૫. વિભાગનું નામ :–______________________________.

૬. જન્મ તારીખ :–______________________________.

૭. મોબાઈલ નં. :–______________________________.

૮. ઈ–મેઈલ :–______________________________.

૯. જે રમતમાં ભાગ લેવા માંગતા હોઈ તેમાં (√ ) ચિન્હ કરવું.

(૧)ક્રિકેટ ☐, (૨)બેડમિન્ટન ☐ (૩)ટેબલ–ટેનિસ ☐ (૪)કેરમ ☐

આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ વિગતો સંપૂર્ણ પણે સાચી છે. જેની હું ખાતરી આપું છું.

કર્મચારી/ખેલાડીનું નામ : ________________________.

હસ્તાક્ષર : ________________________.

ઉપરોત વિગત સાચી છે જેની ખરાઈ કરેલ છે.

યુનિવર્સિટીનો સિકકો

કુલસચિવશ્રીની સહી તથા સિકકો

# પત્રક – ૧

પ્રતિ,
કુલસચિવશ્રી,

________________________________

________________________________

સહર્ષ જણાવવાનું કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ દ્વારા આયોજીત ટુર્નામેન્ટમાં નીચે જણાવેલ ભાગ લેવાઆવનાર કર્મચારીઓની સામે દર્શાવેલ વિગતો સાચી છે .

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ | હોદ્દો | નોકરી નો પ્રકાર | કર્મચારીની ડ્રેસ કોડની માહિતી | | કર્મચારીની સહી |
|---|---|---|---|---|---|---|
| | | | | ટી શર્ટ | લોવર | |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |
| 6 | | | | | | |
| 7 | | | | | | |
| 8 | | | | | | |
| 9 | | | | | | |
| 10 | | | | | | |
| 11 | | | | | | |
| 12 | | | | | | |
| 13 | | | | | | |
| 14 | | | | | | |
| 15 | | | | | | |
| 16 | | | | | | |
| 17 | | | | | | |
| 18 | | | | | | |
| 19 | | | | | | |
| 20 | | | | | | |
| 21 | | | | | | |
| | ટીમ મેનેજર | | | | | |
| | કોચ | | | | | |

**દરેક ટીમે પોતાના ખેલાડીઓના અલગથી એક પેજ પર અંગ્રેજી કેપીટલ અક્ષરમાં નામ લખવા**

ઉપર જણાવેલ વિગતો મારી જાણ માં છે .

કચેરીનો શીલ

કુલસચિવની સહી

| | |
|---|---|
| | **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ** |

## <u>ક્રિકેટના નિયમો</u>

- ટુર્નામેન્ટની દરેક લીગ તથા કવાર્ટર  ફાઈનલ મેચો મર્યાદિત ૧૨ ઓવરની રહેશે. સેમીફાઈનલ તથા ફાઈનલ મેચ ૧૬ ઓવરની રહેશે.
- સમગ્ર ટુર્નામેન્ટ **ખન્ના સુપર** બોલથી રમાડવામાં આવશે.
- લીગ મેચ તથા કર્વાટર ફાઈનલ મેચોમાં એક બોલર વધુમાં વધુ ૩ (ત્રણ) ઓવર નાખી શકશે.
- સેમી ફાઈનલ તથા ફાઈનલ મેચોમાં એક બોલર વધુમાં વધુ ૪ (ચાર) ઓવર નાખી શકશે.
- વિજેતા ટીમને બે પોઈન્ટ આપવામાં આવશે તથા હારેલ ટીમને એક પણ પોઈન્ટ મળશે નહિ.
- મેચ ડ્રો / ટાઈ થશે તો સુપર ઓવર રમાડવામાં આવશે. સુપર ઓવરમાં વિકેટ પડવાનો કોઈ નિયમ લાગુ પડશે નહિ.
- જો સુપર ઓવરમાં રન સરખા થશે તો જે ટીમની વિકેટ ઓછી હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે. તથા જો વિકેટ અને રન પણ સરખા હશે તો ટોસ ઉછાળીને વિજેતા નકકી કરવામાં આવશે.
- તમામ લીગ મેચ બાદ કવાર્ટર ફાઈનલમાં કવોલીફાઈ માટે એક કરતા વધારે ટીમને સરખા પોઈન્ટ થશે તો રનરેટના આધારે નિર્ણય કરવામાં આવશે. જો રનરેટ પણ સરખી હશે તો વિકેટના આધારે નિર્ણય લેવામાં આવશે, જો રનરેટ તથા વિકેટ સરખી થશે તો ટોસના આધારે નિર્ણય કરવામાં આવશે.
- થ્રો એકસન બોલીંગ માન્ય રહેશે નહિ, મેચ દરમ્યાન આ અંગેના વિવાદમાં કે અન્ય કોઈ વિવાદમાં અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે. જે દરેકને બંધનકર્તા રહેશે.
- નો બોલમાં ફ્રી હીટ આપવામાં આવશે નહિ તથા એલ.બી.ડબલ્યુ. નો નિયમ રાખવામાં આવેલ નથી.
- ટુર્નામેન્ટ દરમ્યાન ભાગ લેનાર દરેક ટીમે એક સરખો ડ્રેસ કોડ પહેરવાનો રહેશે તેમજ સ્પોર્ટસ શુઝ પણ ફરજીયાત પહેરવાના રહેશે. જે ટીમ કે ટીમના ખેલાડીએ ડ્રેસ કોડ પહેરેલ નહિ હોઈ તેને મેચમાં રમવા દેવામાં આવશે નહિ.
- દરેક ઈનિંગ માટે નવો બોલ ઉપયોગમાં લેવામાં આવશે. ચાલુ મેચ દરમ્યાન બોલ ફાટી જાય કે ખોવાઈ જાય તો તેના બદલે બીજો નવો બોલ આપવામાં આવશે.
- દરેક ટીમને મેચ માટે આપવામાં આવેલ સિડુઅલ મુજબ સમયસર હાજર રહેવાનું રહેશે.
- મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહિ તો મેચના સમયથી ૧૫ મિનીટ બાદ ટીમને ગેરહાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે.
- કોઈપણ નિર્ણય અંગે વાંધો રજુ કરવાનો થાય તો મેચ પુરી થયા બાદ ટીમ મેનેજર મારફત ૩૦ મિનીટની અંદર સ્થળ પર જ વાંધા અરજી રૂા. ૫૦૦/– ફી સાથે નોંધાવાની રહેશે.
- સમગ્ર રમત સ્પર્ધા દરમ્યાન કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેનો આખરી નિર્ણય આયોજક દ્વારા કરવામાં આવેલ નિર્ણય દરેક ટીમે સ્વીકારવાનો રહેશે.

| | |
|---|---|
| | **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ** |

## <u>ટેબલ–ટેનિશના નિયમો</u>

- દરેક મેચ 3 Star - Premium બોલથી રમાડવામાં આવશે.
- દરેક યુનિવર્સિટીમાંથી ૩ ખેલાડીઓએ ભાગ લેવાનો રહેશે. જેમાં ઓછામાં ઓછા બે કાયમી ખેલાડી અને વધુમાં વધુ એક પ્લેસમેન્ટ ખેલાડી ભાગ લઈ શકશે.
- લીગ મેચ તથા કવાર્ટર ફાઈનલ બેસ્ટ ઓફ થ્રી ગેમ પ્રમાણે રમાશે.
  પ્રથમ સીંગલ્સ
  દ્વિતીય ડબલ્સ
  તૃતીય સીંગલ્સ
- દરેક મેચ ૧૧પોઈન્ટના નિયમ મુજબ રમાશે.
- જે કોઈ ટીમ પ્રથમ સીંગલ્સ અને દ્વિતીય ડબલ્સ જીતી જશે તો તે ટીમ વિજેતા ગણાશે અને તૃતીય સીંગલ્સ રમાડવાની રહેશે નહિ.
  - નોંધ :– કોઈપણ ખેલાડી સ્પર્ધા દરમ્યાન વધુમાં વધુ બે ગેમમાં ભાગ લઈ શકશે.
- સર્વિસ, સર્વિસ રીટર્ન, ફાઉલ તથા પોઈન્ટ અંગેના નિયમો TTFI મુજબ રહેશે.
- મેચ દરમ્યાન રેફરીનો નિર્ણય અંતિમ રહેશે.
- સેમી ફાઈનલ તથા ફાઈનલ બેસ્ટ ઓફ ફાઈવ ગેમ પ્રમાણે રમાશે.
  પ્રથમ સીંગલ્સ
  દ્વિતીય ડબલ્સ
  તૃતીય સીંગલ્સ
- કોઈપણ નિર્ણય અંગે વાંધો રજુ કરવાનો થાય તો મેચ પુરી થયા બાદ ટીમ મેનેજર મારફત ૩૦ મિનીટની અંદર સ્થળ પર જ વાંધા અરજી રૂા. ૫૦૦/– ફી સાથે નોંધાવાની રહેશે.
- મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહિ તો મેચના સમયથી ૧૫ મિનીટ બાદ ટીમને ગેરહાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે.
- સમગ્ર રમત સ્પર્ધા દરમ્યાન કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેનો આખરી નિર્ણય આયોજક દ્વારા કરવામાં આવેલ નિર્ણય દરેક ટીમે સ્વીકારવાનો રહેશે.

# <u>કેરમના નિયમો</u>

- બે ખેલાડીની ટીમ (ડબલ્સ)
- લીગ કમ નોક આઉટ પધ્ધતિ સ્પર્ધા યોજાશે.
- ચાર ગ્રુપ બનાવવામાં આવશે.
- ચાર ગ્રુપના ટોચની ટીમો સેમીફાઈનલ રમશે.
- સેમીફાઈનલ મેચોના વિજેતાઓ વચ્ચે ફાઈનલ મેચ રમાશે.
- એક મેચમાં ત્રણ ગેમ રમાશે. એક ગેમ પચ્ચીસ પોઈન્ટ અથવા આંઠ બોર્ડની રહેશે. જે ટીમ પચ્ચીસ પોઈન્ટ મેળવી લેશે તે અથવા આંઠ બોર્ડના અંતે વધારે પોઈન્ટ મેળવે તે વિજેતા ગણાશે.
- આંઠ બોર્ડના અંતે સરખા પોઈન્ટ ઉપર એક બોર્ડ વધારાનું રમાડવામાં આવશે.
- એક બોર્ડના સૌથી વધારે બાર પોઈન્ટ મેળવી શકાશે.
- કવીનના ત્રણ પોઈન્ટ અન્ય કુકરીના એક પોઈન્ટ રહેશે. કવીનના પોઈન્ટ એકવીસ પોઈન્ટ સુધી જ ગણાશે.
- એક બોર્ડના અંતે વિરૂધ્ધ ખેલાડીની કેરમ બોર્ડ ઉપર બાકી રહેલી કુકરીના આધારે જીતનારને પોઈન્ટ અપાશે.
- કવીનના પોઈન્ટ જે તે બોર્ડના વિજેતાને જ અપાશે.
- ટીમ જયારે બાવીશ પોઈન્ટ પહોંચે ત્યાર પછી કવીન જીતવાના ત્રણ પોઈન્ટનો ઉમેરો ગણાશે નહિ.
- દરેક ગેમના અંતે બે મીનીટનો વિરામ આપવામાં આવશે.
- અમ્પાયર ચીફ રેફરીનો નિર્ણય આખરી ગણાશે.
- કોઈપણ નિર્ણય અંગે વાંધો રજુ કરવાનો થાય તો ગેમ પુરી થયા બાદ ટીમ મેનેજર મારફત ૩૦ મિનીટની અંદર સ્થળ પર જ વાંધા અરજી રૂા. ૫૦૦/– ફી સાથે નોંધાવાની રહેશે.
- હોમ શોટ એલાઉડ (માન્ય) રહેશે.
- ફાઉલના નિયમો લાગુ પડશે.
- સમગ્ર રમત સ્પર્ધા દરમ્યાન કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેનો આખરી નિર્ણય આયોજક દ્વારા કરવામાં આવેલ નિર્ણય દરેક ટીમે સ્વીકારવાનો રહેશે.

| | |
|---|---|
| | **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**<br>**યુનિવર્સિટી રોડ,પોસ્ટ બોક્ષ નં. ૨૧ યુનિવર્સિટી કેમ્પસ, પાટણ** |

## બેડમિન્ટનના નિયમો

- સમગ્ર પ્રતિયોગીતા નોકઆઉટ પધ્ધતિથી રમાડવામાં આવશે.
- પ્રત્યેક ટીમના કુલ ત્રણ ખેલાડીઓ ભાગ લઈ શકશે. જેમાં ઓછામાં ઓછ બે કાયમી ખેલાડી અને વધુમાં વધુ એક પ્લેસમેન્ટ ખેલાડી ભાગ લઈ શકશે.
- પ્રત્યેક લીગ મેચમાં ૧૫ પોઈન્ટના ત્રણ સેટ રમવાના રહેશે. તેમજ સેમી ફાઈનલ / ફાઈનલમાં પ્રવેશ બાદ ૨૧ પોઈન્ટના ત્રણ સેટ રમવાના રહેશે.
- પ્રત્યેક મેચ સીંગલ–ડબલ્સ–સીંગલ પધ્ધતિથી રમાડવામાં આવશે.
  (નોંધ :– સીંગલ અને ડબલ્સ મેચ બાદ જો જરૂરી હશે તો જ ત્રીજી સીંગલ મેચ રમાડવામાં આવશે.)
- બે સેટ વચ્ચે બે મીનીટનો વિરામ આપવામાં આવશે.
- સમગ્ર પ્રતિયોગીતા યલ્લો નાયલોન (યોનેકસ ૩૫૦) થી રમાડવામાં આવશે.
- જો કોઈપણ ટીમના સમાન અંક થશે તો આખરી નિર્ણય ચીફ રેફરી/કન્વીનર દ્વારા લેવામાં આવશે.
- દરેક ખેલાડીએ રેકેટ પોતાનું લઈ આવવાનું રહેશે.
- દરેક ખેલાડીએ રમતને અનુરૂપ ગણવેશ તેમજ નોન માર્કિંગ શુઝ ફરજીયાત પહેરવાના રહેશે.
- કોઈપણ નિર્ણય અંગે વાંધો રજુ કરવાનો થાય તો ગેમ પુરી થયા બાદ ટીમ મેનેજર મારફત ૩૦ મિનીટની અંદર સ્થળ પર જ વાંધા અરજી રૂા. ૫૦૦/– ફી સાથે નોંધાવાની રહેશે.
- સમગ્ર રમત સ્પર્ધા દરમ્યાન કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેનો આખરી નિર્ણય આયોજક દ્વારા કરવામાં આવેલ નિર્ણય દરેક ટીમે સ્વીકારવાનો રહેશે.